# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પ્રવેશ પરિપત્ર :-**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ/સ્વનિર્ભર બી.એસસી. કોલેજોના આચાર્યશ્રીઓ/સંચાલકોને જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨માં પ્રથમ વર્ષ બી.એસસી. અભ્યાસક્રમમાં પ્રવેશ કાર્યવાહી તા. ૦૫/૦૮/૨૦૨૧ થી શરૂ કરવાની થાય છે. પ્રથમ વર્ષ બી.એસસી. અભ્યાસક્રમ માટેની પ્રવેશ પ્રક્રિયા ઓનલાઇન કરવાની રહેશે. જે માટે આ સાથે સામેલ નિયમોનુસાર અને પ્રવેશ પ્રક્રીયા સમયપત્રક મુજબ તમામ કોલેજોએ કાર્યવાહી કરવાની રહે છે. તા. ૦૫/૦૮/૨૦૨૧થી વિદ્યાર્થીઓએ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાના રહે છે. જે માટે યુનિવર્સિટી વેબસાઇટ (http://www.bknmu.edu.in/) ઉપર એડમિશન પોર્ટલમાં દર્શાવેલ લિંક (http://www.bknmuadm.icrp.in/) દ્વારા પ્રવેશ ફોર્મ ભરવાનું રહે છે. વિદ્યાર્થીઓને જરૂર જણાય ત્યા કોલેજો દ્વારા માર્ગદર્શન આપવાનું રહેશે અને દરેક કોલેજોએ પોતાની વેબસાઇટ ઉપર સંપુર્ણ માહિતી દર્શાવવાની રહેશે. યુનિવર્સિટી પ્રવેશ પ્રક્રિયાનાં નિયમોનું તમામ કોલેજોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

## શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧-૨૦૨૨ માટે B.Sc. પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ માટેના નિયમો

**પ્રવેશ સંબંધિત જરૂરી સુચના :**

૧) જે વિદ્યાર્થીએ ધોરણ-૧૨ (H.S.C.) વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારના માન્ય બોર્ડમાંથી પાસ કરેલ હશે તેવા તમામ વિદ્યાર્થીઓ B.Sc.ના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે લાયક ગણાશે.

૨) પ્રવેશ માટેનું મેરીટ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં મેળવેલ કુલ ગુણ (પ્રેક્ટીકલ સાથે) ને ધ્યાનમાં રાખી બનાવવામાં આવશે.

૩) ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં કુલ ગુણ સરખા હશે તેવા કિસ્સામાં ક્રમશ: ધોરણ-૧૦ ના કુલ ગુણ અને (જન્મતારીખ) ઉમરમાં જે વધુ હશે તેને ધ્યાનમાં રાખી મેરીટમાં અગ્રતા આપવામાં આવશે.

૪) પ્રવેશ માટેના અનામતના નિયમો ગુજરાત સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો મુજબના રહેશે. તમામ કોલેજોએ પ્રવેશ મેરીટ યાદી તૈયાર કરતાં સમયે અનામતનીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫) હાલની COVID-19 ની મહામારીને ધ્યાનમાં રાખી SEBC કેટેગરી તથા EWS કેટેગરીના વિદ્યાર્થીઓને તેમના જ્ઞાતિના દાખલાને ધ્યાનમાં રાખી જે તે કેટેગરીમાં પ્રવેશ માટે હક્કદાર ગણવામાં આવશે. પરંતુ આવા કિસ્સામાં SEBC/ EWS અનામત કેટેગરીના મેરીટના આધારે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી એનરોલમેન્ટ પ્રક્રિયા પુર્ણ થતા પહેલા સક્ષમ અધિકારીશ્રીનું નોનક્રિમિલીયર સર્ટી/આવકમર્યાદાનો દાખલો પ્રવેશ મેળવેલ કોલેજમાં અચુક રજૂ કરવાનો રહેશે. અન્યથા તેમનો પ્રવેશ રદ કરવામાં આવશે.

૬) EWS કેટેગરીમાં ૧૦% બેઠકો જે-તે કોલેજોમાં મંજુર બેઠકો ઉપરાંતની રહેશે. (Supernumerary Seats) આ બેઠકો ઉપર માત્ર EWS કેટગરીનાં વિદ્યાર્થીઓ જ પ્રવેશ મેળવવા પાત્ર રહેશે.

૭) GSHSEB બોર્ડ સિવાયના બોર્ડમાંથી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીએ પ્રવેશ ફી ભર્યાના દિવસ ૧૦માં અત્રેની યુનિવર્સિટીના સોફ્ટવેર (http://bknmu.gipl.net) માંથી ઓનલાઇન ફોર્મ ભરી પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (PEC) કઢાવી પ્રવેશ મેળવેલ કોલેજમાં રજુ કરવાનું રહેશે અન્યથા પ્રવેશ રદ થવાને પાત્ર રહેશે.

૮) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ સંલગ્ન B.Sc. કોલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વેબસાઇટ (http://www.bknmu.edu.in/) ઉપર એડમિશન પોર્ટલમાં દર્શાવેલ લિંક (http://www.bknmuadm.icrp.in/) ઉપરથી ઓનલાઇન એક જ પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.

૯) વિદ્યાર્થીઓએ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવું ફરજીયાત છે. ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરેલ નહિ હોય તેવા વિદ્યાર્થી પ્રવેશપાત્ર ગણવામાં આવશે નહિ.

૧૦) પ્રવેશ ફોર્મમાં વિદ્યાર્થી જે કોલેજમાં પ્રવેશ મેળવવા ઇચ્છતો હોય તેવી પોતાની પસંદગીની કોલેજો ઉપર ટીક [√] કરવાની રહેશે. વિદ્યાર્થી એક કરતાં વધુ કોલેજની પસંદગી કરી શકે છે.

૧૧) વિદ્યાર્થીએ ઓનલાઇન પ્રવેશ ફોર્મ માં નીચે દર્શાવેલ દસ્તાવેજો અપલોડ કરવાનાં રહેશે.

- ધોરણ-૧૦ ની માર્કશીટ
- ધોરણ-૧૨ ની માર્કશીટ
- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર(LC)
- વિદ્યાર્થીનો પોતાનો ફોટો
- અનામત કેટેગરીનાં વિદ્યાર્થીઓએ જાતિનું પ્રમાણપત્ર
- PH કેટેગરી અંગે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર
- Other

૧૨) વિદ્યાર્થીએ પ્રવેશ પ્રક્રિયા માટે ઓનલાઇન પ્રવેશ ફોર્મ ફી રૂ.૧૦૦/- ઓનલાઇન પેમેન્ટ માધ્યમથી ભરવાની રહેશે. ત્યારબાદ વિદ્યાર્થીએ કોઇપણ કોલેજ ખાતે પ્રવેશ ફોર્મ ફી ભરવાની રહેશે નહિ.

૧૩) વિદ્યાર્થીએ ઓનલાઇન પ્રવેશ ફોર્મમાં પસંદ કરેલ તમામ કોલેજોમાં (કોલેજ વાઇઝ) તેમનું મેરીટ જાહેર થશે.

૧૪) કોલેજોમાં ચાલતાં વિષયો તથા ઉપલબ્ધ સુવિધાઓ અંગેની માહિતી વિદ્યાર્થીઓએ પસંદગીની જે-તે કોલેજની વેબસાઇટ ઉપરથી મેળવી લેવાની રહેશે.

૧૫) વિદ્યાર્થીઓ તેમણે ઓનલાઇન ફોર્મમાં પસંદ કરેલ કોલેજોમાં પોતાના મેરીટનાં આધારે એક કરતાં વધારે કોલેજમાં પ્રવેશ મેળવવા પાત્ર રહેશે.

૧૬) યુનિવર્સિટીએ દર્શાવેલ પ્રવેશ કાર્યવાહીનાં સમયપત્રક અનુસાર પોતાની પસંદગીની કોલેજોમાં મેરીટ અનુસાર પ્રવેશ મેળવેલ છે કે નહિ તે બાબતે ચકાસણી કરવાની જવાબદારી વિદ્યાર્થીઓની પોતાની રહેશે. દરેક વિદ્યાર્થીઓએ પોતે જે કોલેજોમાં પસંદગી કરેલ હોય તે કોલેજોની વેબસાઇટ પરથી મેરીટ યાદી/પ્રવેશ અંગેની માહિતી પ્રાપ્ત કરવાની રહેશે.

૧૭) વિદ્યાર્થીને તેમના મેરીટ આધારે એક કરતા વધુ કોલેજમાં પ્રવેશપાત્ર થયેલ હોય ત્યારે વિદ્યાર્થીએ પોતાની પસંદગીની કોઇ એક કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરી નિયત સમય મર્યાદામાં પ્રવેશ ફી ભરવાની રહેશે.

૧૮) વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ મેળવેલ કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરાવતી વખતે પોતાની અસલ માર્કશીટ અને અન્ય અસલ દસ્તાવેજો ખરાઇ માટે સાથે રાખવાનાં રહેશે તથા હાલની પરિસ્થિતિ ધ્યાને લઇ સોશ્યલ ડીસ્ટન્સીંગનું પાલન કરવાનું રહેશે અને ફરજીયાત માસ્ક પહેરી જે-તે કોલેજમાં જવાનું રહેશે.

૧૯) જે વિદ્યાર્થી પ્રથમ મેરીટ યાદીમાં મળેલ પ્રવેશ પૈકી કોઇપણ કોલેજમાં ફી ભરી પ્રવેશ કન્ફર્મ નહિ કરાવે તો પ્રથમ મેરીટ યાદીમાં પ્રવેશપાત્ર કોલેજ સિવાયની અન્ય પસંદગીની કોલેજમાં જ મેરીટનાં આધારે પ્રવેશ મળવાપાત્ર રહેશે.

૨૦) જે વિદ્યાર્થી પ્રથમ મેરીટ યાદીમાં પ્રવેશ ફી ભરી પોતાનો પ્રવેશ કન્ફર્મ કરે છે તે વિદ્યાર્થીને અન્ય પસંદગીની કોલેજમાં પ્રવેશ મળવાપાત્ર થાય અને વિદ્યાર્થી અન્ય કોલેજમાં પ્રવેશ મેળવવા ઇચ્છતો હોય તો તેવા વિદ્યાર્થી દ્વિતીય મેરીટ યાદી જાહેર થયાનાં બે દિવસમાં પોતાનો પ્રવેશ, પ્રથમ પ્રવેશ મળેલ કોલેજમાંથી રદ કરાવી દ્વિતીય મેરીટ યાદી મુજબ પ્રવેશ મેળવી શકશે. આ જ પ્રમાણે તે વિદ્યાર્થીઓ તૃતીય મેરીટ જાહેર થયા બાદ પસંદગીની કોલેજમાં પ્રવેશ મળે અને તે કોલેજમાં પ્રવેશ મેળવવા ઇચ્છતો હોય તો અગાઉ પ્રવેશ મેળવેલ કોલેજમાંથી મેરીટ જાહેર થયાનાં બે દિવસમાં પ્રવેશ રદ કરાવી વિદ્યાર્થી અન્ય કોલેજમાં પ્રવેશ મેળવી શકશે. ત્યારબાદ તે અન્ય કોલેજમાં પ્રવેશ માટે હકદાર રહેશે નહિ.

૨૧) જે વિદ્યાર્થીઓને ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું બાકી રહેલ હોય તેવા વિદ્યાર્થીઓને પ્રથમ રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જો કોઇ બેઠકો ખાલી રહેશે તો જ પસંદગીની જે કોલેજમાં બેઠકો ખાલી હોય તે કોલેજનાં માધ્યમથી પ્રવેશ ફોર્મ ફી ઓનલાઇન પેમેન્ટ માધ્યમથી ભરી મેરીટ આધારે પ્રવેશ મળવાપાત્ર રહેશે.

<u>કોલેજો માટે જરૂરી સૂચના :</u>

૧) વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ કોલેજે યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ તારીખે મેરીટ જાહેર કરવાનું રહેશે અને મેરીટ આધારે અને અનામતનીતિનાં આધારે વિદ્યાર્થી પ્રવેશ અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજની રહેશે.

૨) જે-તે કોલેજમાં ચાલતા Core (મુખ્ય વિષય) અને Elective (ઓપ્શનલ) તથા ફાઉન્ડેશન કોર્સની વિગત કોલેજે વિદ્યાર્થી પ્રવેશ સંબંધે કોલેજોની વેબસાઇટ ઉપર મુકવાની રહેશે. વધુમાં, કોલેજમાં ઉપલબ્ધ સુવિધાઓ તથા કોલેજ વિશેની વિગતવાર માહિતી કોલેજે પોતાની વેબસાઇટ ઉપર મુકવાની રહેશે.

૩) તમામ કોલેજે ઇન્ટેકની મર્યાદામાં વિદ્યાર્થી પ્રવેશ આપવાનો રહેશે. ઇન્ટેક કરતાં વધુ પ્રવેશ માન્ય ગણવામાં આવશે નહિ.

૪) મંજુર કરેલ ડિવીઝન/વિદ્યાર્થી સંખ્યા ઉપરાંત વધુ ડિવીઝન/વિદ્યાર્થી સંખ્યા ઉભા કરવાના થાય તો તે માટે જરૂરી મંજુરી મેળવ્યા બાદ જ પ્રવેશ આપવાનો રહેશે.

૫) કોલેજે પ્રવેશ કાર્યવાહીમાં યુનિવર્સિટી દ્વારા આપેલ સમયપત્રક અનુસાર અને મેરીટ અનુસાર પ્રવેશ આપવાનો રહેશે. વિદ્યાર્થીનાં દસ્તાવેજોની ખરાઇ કોલેજ કક્ષાએથી પ્રવેશ કન્ફર્મ કરાવતી વખતે કરવાની રહેશે.

૬) પ્રવેશ આપતી વખતે કોલેજ દ્વારા કોલેજમાં ભરાયેલ તમામ ફોર્મનું જનરલ મેરીટ ધ્યાને લઇ ઓપન મેરીટમાં વિદ્યાર્થી પ્રવેશ આપવાનો રહેશે. ત્યારબાદ જ અનામત કેટેગરીનું મેરીટ યુનિવર્સિટી સમયપત્રક અનુસાર જાહેર કરી પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે.

૭) કોલેજ દ્વારા પ્રવેશ પ્રક્રિયાના સમયપત્રક મુજબ દસ્તાવેજ વેરીફીકેશન અને પ્રવેશ ફી ભરવા અંગે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

1. કોલેજોએ પોતાનું કેમ્પસ સેનીટાઇઝ કરવાનું રહેશે.
2. વિદ્યાર્થીઓને સમયપત્રક અનુસાર તબક્કા અને સમય મુજબ વિવિધ જગ્યાઓમાં સોશ્યલ ડીસ્ટન્સીંગ સાથે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.
3. દરેક વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને માસ્ક પહેરવા ફરજીયાત રહેશે.
4. વિદ્યાર્થીઓ એક જ સ્થળે અને સમયે ભેગા ના થાય તેની તકેદારી રાખી આયોજન કરવાનું રહેશે.
5. કોલેજો દ્વારા આ સાથે સામેલ ફી સ્ટ્રક્ચર અનુસાર ફી લેવાની રહેશે.
6. કોલેજો દ્વારા પ્રત્યેક મેરીટ યાદી મુજબ આપેલ પ્રવેશની વિગત યુનિવર્સિટી, એકેડેમિક વિભાગને તબક્કા મુજબ મોકલવાની રહેશે.
7. વિદ્યાર્થી પ્રવેશ ધ્યાને લઇ કોલેજોએ કાર્યભાર અનુસાર જરૂરી શિક્ષકોની નિમણૂક કરવાની રહેશે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧-૨૦૨૨ બી.એસસી. પ્રથમ સેમેસ્ટરમાં મેરીટ યાદીના આધારે પ્રવેશ કાર્યવાહીનું સમયપત્રક**

| ક્રમ | કાર્યવાહી | તારીખ |
|---|---|---|
| (૧) | વિદ્યાર્થીઓને ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ | ૦૫/૦૮/૨૦૨૧ થી ૧૯/૦૮/૨૦૨૧ |
| (૨) | કોલેજ વાઇઝ પ્રથમ મેરીટ યાદી જાહેર (ઓપન મેરીટ) | ૨૨/૦૮/૨૦૨૧ |
| (3) | ઓપન તથા અનામત પ્રથમ મેરીટ યાદીના કોલેજ વાઇઝ વિદ્યાર્થીઓની ફી સ્વીકારવાનો સમયગાળો | ૨૩/૦૮/૨૦૨૧ થી ૩૧/૦૮/૨૦૨૧ |
| (૪) | કોલેજ વાઇઝ દ્વિતીય મેરીટ યાદી જાહેર (ઓપન મેરીટ) | ૦૩/૦૯/૨૦૨૧ |
| (૫) | ઓપન તથા અનામત દ્વિતીય મેરીટ યાદીના કોલેજ વાઇઝ વિદ્યાર્થીઓની ફી સ્વીકારવાનો સમયગાળો | ૦૪/૦૯/૨૦૨૧ થી ૦૯/૦૯/૨૦૨૧ |
| (૬) | કોલેજ વાઇઝ તૃતીય મેરીટ યાદી જાહેર (અનામત મેરીટ યાદી) | ૧૨/૦૯/૨૦૨૧ |
| (૭) | ઓપન તથા અનામત તૃતીય મેરીટ યાદીના કોલેજ વાઇઝ વિદ્યાર્થીઓની ફી સ્વીકારવાની તારીખ | ૧૩/૦૯/૨૦૨૧ થી ૧૮/૦૯/૨૦૨૧ |
| (૮) | સેમેસ્ટર-૧ ના શૈક્ષણિક સત્રનો પ્રારંભ | 30/૦૯/૨૦૨૧ |

કા.કુલસચિવ

બિડાણ :
નં :- બીકેએનએમયુ/એકેડેમિક/૯૭૩/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૦૪/૦૮/૨૦૨૧

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ/સ્વનિર્ભર બી.એસસી. કોલેજોના આચાર્યશ્રીઓ/સંચાલકોને તરફ...

નકલ સવિનય રવાના:-
(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી
(૨) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ.